RNI. No.GUJGUJ/2014/56392

Editor : NIKITA R. SAXENA
(Mo) 98796 16556

# ક્રાઈમ કિંગ

Crime King
Weekly

*AT.:45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.

*Year : 7 * Issue No. *Date:02.07.2021 *Friday *Page :04 *Rs. 01.00 *Annual Rs. 50/-

## કોરોના મહામારીમાં ડોક્ટરોએ દેવદૂત બની લાખો લોકોના જીવ બચાવ્યા

ન્યુ દિલ્હી

નેશનલ ડોક્ટર્સ ડેના અવસરે દેશની મેડિકલ કમ્યુનિટીને સંબોધિત કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ડોક્ટરોએ ગત દોઢ વર્ષમાં દિવસ-રાત મહેનત કરીને એક ઉદાહરણ પૂરુ પાડ્યું છે. તેમણે કહ્યું કે ડોક્ટરોએ દેવદૂત બનીને કોરોના કાળમાં લોકોના જીવ બચાવ્યાં છે. પીએમ મોદીએ કહ્યું કે આ મહામારી દરમિયાન ડોક્ટરોએ લાખો જીવ બચાવ્યાં છે. ડોક્ટરોને ભગવાનનું બીજુ રૂપ કહેવામાં આવે છે.

તેમણે કહ્યું કે દેશમાં સ્વાસ્થ્ય સુવિધાઓને પહેલાની તુલનામાં બહેતર બનાવવામાં આવી રહી છે. આજે દેશનું મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે કોરોનાકાળમાં જીવન ગુમાવનારા ડોક્ટરોને નમન કર્યુ અને કહ્યું કે ડોક્ટર દરેક પડકારનો મુકાબલો કરી રહ્યાં છે.મેડિકલ વ્યવસ્થાઓને વધુ બહેતર બનાવવામાં આવી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે આ વર્ષે હેલ્થ સેક્ટર માટે બજેટની ફાળવણી બમણાથી પણ વધુ એટલે કે બે લાખ કરોડ રૂપિયાથી વધુ કરવામાં આવી છે. હવે અમે આવા ક્ષેત્રોમાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે ૫૦ હજાર કરોડ રૂપિયાની એક ક્રેડિટ ગેરંટી સ્કીમ લઈને આવ્યાં છીએ, જ્યાં સ્વાસ્થ્ય સુવિધાઓની ઉણપ છે.

આ સાથે જ પીએમ મોદીએ કહ્યું કે દેશમાં એમ્સની સંખ્યા વધારવામાં આવી રહી છે. ૨૦૧૪ સુધી જ્યાં દેશમાં ફક્ત ૬ એમ્સ હતી, આ ૭ વર્ષોમાં ૧૫ નવી એમ્સનું કામ શરૂ થયું છે. મેડિકલ કોલેજીસની સંખ્યા પણ આશરે દોઢ ગણી વધી છે. તેનું જ પરિણામ છે કે આટલા ઓછા સમયમાં જ્યાં અંડરગ્રેજ્યુએટ સીટ્સમાં દોઢ ગણાથી વધુનો વધારો થયો છે, પીજી સીટ્સમાં ૮૦ ટકા વધારો થયો છે.

નેશનલ ડોક્ટર્સ ડે પર સંબોધન કરતાં પીએમ મોદીએ કહ્યું કે આપણો દેશ કોરોના સામે પણ જીતશે અને વિકાસના નવા માપદંડને પણ સ્પર્શસે. કોરોના સામેની લડતમાં યોગે ઘણી મદદ કરી છે. તેમણે કહ્યું કે એક બાજુ અમે સારી વસ્તુ જોઈ છે કે મેડિકલ ફ્રેટર્નિટીના લોકો, યોગ વિશે જાગૃતિ ફેલાવવા માટે ઘણા આગળ આવ્યાં છે. યોગને પ્રચારિત-પ્રસારિત કરવા માટે જે કામ આઝાદી બાદ પાછલી શતાબ્દીમાં કરવુ જોઈતુ હતુ, તે હવે થઈ રહ્યું છે. આ સાથે જ પીએમ મોદીએ તાજેતરમાં જ સરકાર તરફથી કરવામાં આવેલા કાર્યોને પણ લોકો સામે રજૂ કર્યા.

ડોક્ટર્સ કમ્યુનિટીએ કોવિડ ૧૯ મહામારી સામેની લડાઈમાં મહત્વની ભૂમિકા ભજવી છે અને આ સમયમાં પણ ડૉક્ટર પોતાના જીવની ચિંતા કર્યા વિના દેશ સેવામાં લાગી ગયાં છે. પ્રધાનમંત્રી મોટાભાગે પોતાના સંબોધનમાં તેમના માટે ડોક્ટર્સ અને અગ્રિમ મોરચા પર કામ કરનાર અન્ય લોકોની પ્રશંસા કરી રહ્યાં છે.

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નેશનલ ડોક્ટર્સ દિન નિમિત્તે ડોક્ટર્સને આપી શુભેચ્છાઓ



### યુધ્ધ દરમિયાન એક સૈનિક પોતાની વિરતાનો પરચો આપે છે તેવી જ રીતે કોરોના સામે તબીબી યોદ્ધાઓ લડી રહ્યા છે : શ્રી વિજયભાઈ રૂપાણી

- ૧ જુલાઈના રોજ દર વર્ષે ડો. બી.સી. રોયની યાદમાં ડોક્ટર દિવસ મનાવવામાં આવે છે. ડોક્ટર્સ દર્દીઓને યોગ્ય સારવાર પૂરી પાડીને સાજા કરે છે તે માટે આજના દિવસે તેમના પ્રત્યે આદરભાવ-કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ પણ છે.
- કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં રાત-દિવસ જોયા વિના પ્રથમ દિવસથી જ કોરોનાની લડાઈમાં ગુજરાત સહિત સમગ્ર દેશના ડોક્ટર્સ છેલ્લા દોઢ વર્ષથી રાત-દિવસ લડી રહ્યા છે
- કોરોના સામેની લડાઈમાં આપણા ડોક્ટર્સએ માત્ર સમયનો જ ભોગ નથી આપ્યો, પરંતુ રાષ્ટ્રના નાગરિકોની સેવા કરતાં પોતાના પ્રાણની આહૂતિ પણ આપી દીધી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નેશનલ ડોકટર્સ ડે અવસરે પ્રર્વતમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં કોરોના વોરિયર્સમાં સૌથી વધુ અગત્યની ભૂમિકા ભજવી રહેલા ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના ડોક્ટર્સની સેવાઓ બિરદાવીને સોશિયલ મીડિયાના માધ્યમથી તબીબી જગતનો આભાર વ્યકત કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, પ્રતિ વર્ષ ૧ જુલાઈના રોજ ડૉ. બી.સી. રોયની યાદમાં ડૉક્ટર દિવસ મનાવવામાં આવે છે. ડૉક્ટર્સ દર્દીઓને યોગ્ય સારવાર પૂરી પાડીને સાજા કરે છે તે માટે આજના દિવસે તેમના પ્રત્યે આદરભાવ-કૃતજ્ઞતા વ્યકત કરવાનો દિવસ પણ છે. ડૉ. બી.સી.રોયએ પશ્ચિમ બંગાળ રાજ્યના બીજા મુખ્યમંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી તેનું તેમણે સ્મરણ કર્યુ હતું. તેમણે ઉમેર્યુ કે, જ્યારે દેશ પર કુદરતી કે માનવસર્જીત આપત્તિ આવી પડે તેવા સંજોગોમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સૌ સદસ્યો ખડેપગે સેવા કરવા તત્પર રહે છે. આઝાદી લડતમાં પણ ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સભ્યોએ જોડાઈને પોતાનું સક્રિય યોગદાન આપ્યુ હતું. મેડીકલ ફેટરનિટી છેલ્લા દોઢ વર્ષથી સતત કોરોનાની સામે લડાઈ લડી રહી છે તે કાબિલે દાદ છે. વિશ્વ વ્યાપી કોરોના મહામારી સામેની લડત કોઈ જંગથી ઓછી નથી. યુધ્ધ દરમિયાન એક સૈનિક પોતાની વિરતાનો પરચો આપે છે. તેવી જ રીતે કોરોના સામે તબીબી યોદ્ધાઓ લડી રહ્યા છે. ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ બન્યા છે. સરહદ પર જંગના મેદાનમાં તો દુશ્મનને જોઈ શકાય છે, તેના પર પ્રહાર કરીને વિજય મેળવી શકાય છે. એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, કોરોના વાયરસ નામનો આ દુશ્મન તો અદૃશ્ય છે, શરીરના કયા ખુણામાં છુપાઈને ઘર કરી ગયો તે જોઈ શકાતુ નથી, કયા વ્યક્તિમાં આ વાયરસની કેટલી સંવેદનશીલતા-ગંભીરતા છે તે નક્કી કરવું અઘરુ બની રહે છે. આ તમામ પ્રતિકુળ પરિસ્થિતિ વચ્ચે સફેદ રંગમા પી.પી.ઈ. કીટમાં સજ્જ યોદ્ધા એવા ડૉક્ટર અવિરત સેવા આપી રહ્યા છે, કોરોના સામેના જંગમાં પોતાનો જુસ્સો બતાવીને વાયરસને શરીરમાંથી હાંકી કાઢવા સતત પ્રયત્ન કરી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં રાત-દિવસ જોયા વિના પ્રથમ દિવસથી જ કોરોનાની લડાઈમાં ગુજરાત સહિત સમગ્ર દેશના ડૉક્ટર્સે છેલ્લા દોઢ વર્ષથી રાત-દિવસ લડી રહ્યા છે. પોતાના પરિવારની ચિંતા કર્યા વિના સમાજની સેવા કરી, રાષ્ટ્રની સેવા કરીને અસંખ્ય નાગરિકોની જિંદગી તેમણે બચાવી છે. કોરોના સામેની લડાઈમાં આપણા ડૉક્ટર્સએ માત્ર સમયનો જ ભોગ નથી આપ્યો, પરંતુ રાષ્ટ્રના નાગરિકોની સેવા કરતાં પોતાના પ્રાણની આહૂતિ પણ આપી દીધી છે. કોરોનાના દર્દીઓની સારવાર કરતાં પોતાની જિંદગી કુરબાન કરનાર એ તમામ ડૉક્ટર્સને સાચા શહીદ તરીકે શત શત પ્રણામ પણ મુખ્યમંત્રીશ્રીએ પાઠવ્યા હતા. મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, ગુજરાતે આરોગ્ય ક્ષેત્રમાં પ્રશંસનીય કાર્ય કર્યુ છે. ગુજરાત 'મેડીકલ ટુરિઝમ'ના હબ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રસ્થાપિત થાય તે દિશામાં રાજ્ય સરકાર સતત પ્રયાસ કરી રહી છે. માતાના ગર્ભથી માંડીને વૃધ્ધાવસ્થા સુધી લોકોને આરોગ્યની સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે અનેકવિધ યોજનાઓનો અસરકારક અમલ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, શહેરી વિસ્તારમાં ૨૦ મિનિટમાં અને ગ્રામીણ વિસ્તારમાં ૨૫ મિનિટમાં ૧૦૮ ઈમરજન્સી સેવાનો લાભ ગુજરાતની જનતાને પ્રાપ્ત થઈ રહ્યો છે. આજે સમગ્ર દેશમાં 'આયુષ્યમાન ભારત કાર્ડ' આપવામાં આવે છે તેનો જન્મ શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે 'મા કાર્ડ' સ્વરૂપે ગુજરાતમાં થયો હતો. સમગ્ર દેશમાં આરોગ્ય ક્ષેત્રે ગુજરાત મોડેલ લાગુ કરવામાં આવી રહ્યું છે જે ગુજરાતની સફળતા છે અને આ સફળતામાં તબીબી જગત પણ રાજ્ય સરકાર સાથે ખભેખભો મિલાવી અડીખમ રહ્યું છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ. મુખ્યમંત્રીશ્રીએ ડૉકટર્સ ડે ના આ અવસરે સમગ્ર મેડીકલ ફ્રેટરનીટીને શુભેચ્છાઓ પાઠવી હતી.

## તંત્રી સ્થાનેથી......

ભારતીય શેરબજારો આજે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૧૬૪ અંક ઘટીને પ૨૩૧૮ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૨ અંક ઘટીને ૧૫૬૮૦ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર બજાજ ફિનસર્વ, ઈન્ફોસિસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટેક મહિન્દ્રા, ઈન્ડસઈન્ડ બેંક સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. બજાજ ફિનસર્વ ૨.૨૦ ટકા ઘટીને ૧૧૮૫૦ પર બંધ રહ્યો હતો. ઈન્ફોસિસ ૧.૩૨ ટકા ઘટીને ૧૫૬૦.૪૫ પર બંધ રહ્યો હતો. જોકે ડો.રેડ્ડી લેબ્સ, બજાજ ઓટો, સન ફાર્મા, એશિયન પેઈન્ટ્સ, એનટીપીસી સહિતના શેર વધીને બંધ રહ્યાં હતાં. ડો.રેડ્ડી લેબ્સ ૨.૫૬ ટકા વધીને પપપ૯.૧૫ પર બંધ રહ્યો હતો. બજાજ ઓટો ૧.૮૪ ટકા વધીને ૪૨૦૯.૦૦ પર બંધ રહ્યો હતો. બુધવારે અમેરિકાના બજારોમાં મજબૂતી રહી. ડાઉ જોન્સ ૦.૬૧ ટકા વધીને બંધ થયો હતો. નેસ્ડેકમાં ૦.૧૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એસએન્ડપી ૫૦૦માં પણ ૦.૨૧ ટકાની મજબૂતી રહી. યુરોપીય બજારોમાં ભારે વેચવાલી રહી. બ્રિટનના એફટીએસઈમાં ૦.૭૧ ટકા, જર્મનીના ડીએએક્સમાં ૧.૦૨ ટકા અને સીએસીમાં ૦.૯૧ ટકા મજબૂતાઈ આવી. ભારતીય શેરબજારો આજે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૬૭ અંક ઘટી પ૨૪૮૨ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭ અંક ઘટી ૧૫૭૨૧ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર પાવર ગ્રીડ કોર્પ, બજાજ ફિનસર્વ, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી, એનટીપીસી સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા.

# કરજણ ટોલ પ્લાઝા પર કાર,બસ અને ટ્રકના દરમાં વધારો ઝીંકાયો

ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાંથી પસાર થતા વડોદરા-ભરૂચ નેશનલ હાઈવે પર મુસાફરી કરવી મોંઘી બની છે. કરજણ ટોલ પ્લાઝા પર કાર, બસ અને ટ્રકના દરમાં વધારો કરવામાં આવ્યો છે. કાર, વાન, જીપ માટે નેશનલ હાઈવે પર હવેથી રૂ.૯૫ના બદલે રૂ.૧૦૫ વસુલવામાં આવશે. કરજણ પાસે આવેલા ટોલ પ્લાઝા પરના ટેક્સમાં વધારો કરવામાં આવ્યો છે.

આ ટોલ ટેક્સમાં વધારો કરવાનો નિર્ણય લેવાતા આ રૂટ પરથી મુસાફરી કરવી મોંઘી પડશે. વડોદરાથી ભરૂચ વચ્ચેના નેશનલ હાઈવે પર કરજણ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર પાસે આવેલા ટોલ પ્લાઝાના ટોલ ટેક્સમાં વધારો થયો છે. ગત વર્ષે કોરોના વાયરસને કારણે લાગુ થયેલા લોકડાઉનને કારણે કાર-વાનના દરમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. માત્ર મિનિ બસ અને હેવી વાહનના દરમાં રૂ. પનો વધારો કરવામાં આવ્યો હતો. એક વર્ષ બાદ ફરીથી ટોલદરની સમીક્ષા કરવામાં આવી ત્યાર પછી કાર-વાન તથા બસ સહિતના વાહનો સામે વસુલાતા ટોલ ટેક્સમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. આ ટોલ પ્લાઝા પરથી આશરે ૪૦,૦૦૦ જેટલા વાહનો પસાર થાય છે. કાર, વાન તથા જીપનો અગાઉ ટેક્સ રૂ.૯૫ લેવાતો હતો. જેમાં વધારો કરીને હવે રૂ.૧૦૫ લેવામાં આવશે. લાઈટ મોટર વ્હીકલનો જુનો દર રૂ.૧૬૫ હતો જેના હવે રૂ. ૧૮૦ કરી દેવામાં આવ્યા છે. બસ અને ટ્રકના જે રૂ. ૩૩૫ હતા એ વધારીને ૩૬૦ કરી દેવામાં આવ્યા છે. ૪થી ૬ એક્સેલ ટ્રકના રૂ. ૫૩૫ હતા એ રૂ.૫૮૦ કરી દેવામાં આવ્યા છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રીય ડોક્ટર્સ ડે વિડીયો સંદેશમાં કલેક્ટરશ્રી સિવિલ હોસ્પિટલથી જોડાયા







વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડોક્ટર્સ ડે નિમિત્તે આઈ.એમ.એ. અને દેશના તમામ તબીબોને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી શુભેચ્છા પાઠવી હતી. આ અંતર્ગત અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે એ અમદાવાદ સીવીલ હોસ્પીટલના અસ્મિતા ભવન ખાતેના ઓડિટોરિયમથી આ વીડિયો કોન્ફરન્સિંગ જોડાયા હતા. કલેકટરશ્રીએ સિવિલ હોસ્પિટલના તમામ તબીબોએ કોરોના કાળમાં કરેલી વિશિષ્ટ કામગીરીને બિદરાવી હતી. કલેકટરશ્રીએ સિવિલ હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર જે.વી.મોદીના નેતૃત્વમાં સિવિલ હોસ્પિટલ દ્વારા કોરોના કાળમાં કરવામાં આવેલી કામગીરી બદલ તમામ હેલ્થકેર વર્કર્સને અભિનંદન પાઠવ્યા હતા અને તમામની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

# હાર્દિક પંડયાની ધમાકેદાર બેટિંગનો ૧૦ વર્ષ જૂનો વીડિઓ થયો વાયરલ

ભારતીય ટીમના સ્ટાર ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા સમગ્ર દુનિયામાં પોતાની તાબડતોડ બેટિંગ માટે પ્રખ્યાત છે. હાર્દિક હાલ શિખર ધવનની કપ્તાનીવાળી ભારતીય ટીમની સાથે શ્રીલંકા પ્રવાસ પર ગયા છે. આ વચ્ચે હાર્દિકની ધમાકેદાર બેટિંગનો એક ખુબ જ જૂનો વીડિયો સો.મીડિયા પર તહેલકો મચાવી રહ્યો છે. હાર્દિકે પોતાની તાબડતોડ બેટિંગનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ વીડિયો ૨૦૧૧નો છે અને હાર્કિ કોઈ એક લોકલ ટૂર્નામેન્ટમાં બેટિંગ કરતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોમાં હાર્દિક હંમેશાની જેમ લાંબા-લાંબા શૉટ રમતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. હાર્દિકનો આ વીડિયો ઘણો જૂનો છે. આ વીડિયો લગભગ ૧૦ વર્ષ જૂનો છે. ત્યાં સુધીમાં હાર્દિકે પોતાનું ઈન્ટરનેશનલ ડેબ્યૂ નહોતું કર્યું. તેઓ ૨૦૧૫માં આઈપીએલ ફ્રેન્ચાઈઝી મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ બન્યા હતા. ત્યારથી હાર્દિકનું સમગ્ર દુનિયામાં ઘણું નામ છે. તેઓ એક ઝટકામાં મેચને પલટવા માટે પ્રખ્યાત છે.

# અમદાવાદ જિલ્લામાં મેલેરીયા વિરોધી – જૂન માસ અંતર્ગત કરવામાં આવેલ સર્વેલન્સનું ક્રોસ વેરીફીકેશન કરાયું







અમદાવાદ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરીયા વિરોધી જુન માસની ઉજવણીના ભાગ રૂપે કરવામાં આવેલ સઘન સર્વેલન્સ કામગીરીનું ક્રોસ વેરીફીકેશન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલીયા તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ શૈલેષ પરમારના માગર્દર્શન હેઠળ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા એડીએમો, ૪ મલ્ટી પર્પસ હેલ્થ વર્કર, ૨ મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઈઝર દ્વારા એચાઈ, બીઆઈ, સીઆઈ, પીઆઈ કાઢવામાં આવ્યા હતા. લોકોને આપવામાં આવેલ LLIN મચ્છરદાનીનો ઉપયોગ તેઓ કરે છે કે નહિ તેની ચકાસણી કરી યુઝર રેટ કાઢવામાં આવ્યો હતો. અગાઉ કરવામાં આવેલ પોરાનાશકમાં દવાનો છંટકાવ યોગ્ય રીતે કરેલ છે કે નહિ? આરોગ્ય કર્મચારીઓ દ્વારા લેવામાં આવેલ લોહીના નમૂનાનું ક્રોસ ચેકીંગ તથા ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી. અને તળાવોમાં પોરાભક્ષક માછલીઓ મુકવામાં આવેલ અને મેલેરિયા વિરોધી જૂન માસમાં વાહકજન્ય રોગો અંગે જાગૃતિ કેળવવામાં આવે તે હેતુથી પેમ્ફલેટ, સ્ટીકર, ફોમસીટ, બુકલેટ વહેંચવામાં આવી હતી. આ કામગીરી સતત જાન્યુઆરી માસથી ચાલતી હોઈ અત્યાર સુધી મેલેરિયાનો માત્ર ૧ પોઝિટિવ કેસ નોંધાયેલ છે. કોઈ પણ તાવ મેલેરીયા હોઈ શકે છે. તાવ આવે તો નજીકના સરકારી દવાખાના કે આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરીને લોહીની તપાસ કરાવવી જોઈએ. તેમ જીલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યું હતું.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રાષ્ટ્રીય ડોક્ટર્સ ડે ની અનોખી ઉજવણી





## વૃક્ષારોપણ થી દર્દી અને સ્વજનોને મહત્તમ ઓકિસજન મળશે- સિવિલ સુપ્રિટેન્ડેન્ટ

સિવિલ મેડિસીટી કેમ્પસની સિવિલ હોસ્પિટલમાં રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે ની અનોખી ઉજવણી કરવામાં આવી. સિવિલ હોસ્પિટલના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કરીને તબીબો દ્વારા ઉજવણી હાથ ધરાઇ હતી. અસારવા વિધાનસભાના ધારાસભ્યશ્રી પ્રદિપભાઇ પરમાર દ્વારા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વૃક્ષારોપણ માટે પોતાની ગ્રાન્ટમાંથી ફાળવણી કરીને વૃક્ષોનું વાવેતર કર્યુ હતુ. કોરોનાની બીજી લહેરમાં પ્રાણવાયુ સમા ઓક્સિજનનું મહત્વ સમજાયું છે ત્યારે સિવિલ હોસ્પિટલ દ્વારા હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દી અને તેમના સ્વજનોને વૃક્ષોમાંથી ઓક્સિજન મળી રહે તે માટેના શુભ આશય થી વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું હતુ. સિવિલ હોસ્પિટલ અને સિવિલ મેડિસીટી કેમ્પસના ગ્રીન કવરમાં વધારો થાય તે હેતુથી સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ દ્વારા વધુમાં વધુ વૃક્ષો વાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આજના વૃક્ષારોપણ કાર્યક્રમમાં બી.જે.મેડિકલ કૉલેજના ડીન ડૉ. પ્રણવ શાહ, સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી સહિત તબીબો , નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કોરોના મહામારીમાં સતત દોઢ વર્ષથી

## સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વૃક્ષારોપણ કરાયું

ખડપગે સેવારત તમામ તબીબો ને આજે ખરા અર્થમાં આ નેશનલ ડૉક્ટર્સ ડે સમર્પિત છે. જેઓએ રાત-દિવસ દરેક પરિસ્થિતિમાં જીવના જોખમે સ્વ નહીં પરંતુ સમષ્ટિને પ્રાધાન્ય આપીને કાર્ય કર્યું છે. તબીબો ખરા અર્થમાં દેવદૂત છે તે આ કોરોના મહામારીમાં જોવા મળ્યું છે. ભગવાન તો માણસને એક જ વખત જન્મ આપે છે પરંતુ કેટલીક પરિસ્થિતિમાં ડોક્ટર માણસને વારવાંર જીવતદાન આપે છે. આપણી આસપાસ કેટલાય એવા કિસ્સા જોવા મળ્યા છે જેમાં ડૉક્ટર્સે એક માણસને અનેક વાર મોતના મુખે થી બચાવીને નવજીવન બક્ષ્યું હોય.

# ૭૨મા વનમહોત્સવની આયોજન બેઠકમાં અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીની અપીલ







## "વૃક્ષોનું બાળકોની જેમ જતન કરો": અમદાવાદ જિલ્લા કલેકટરશ્રી

- **વનમહોત્સવને જનમહોત્સવ બનાવવા જિલ્લા કલેક્ટરશ્રી સંદિપ સાગલેનું આહવાન**
- **માત્ર વાવેતર નહીં, પણ વૃક્ષ–વિકાસમાં ઉંડો રસ–રુચિ લેવા જિલ્લા કલેક્ટરશ્રીનો અનુરોધ**
- **જિલ્લા કલેક્ટરશ્રીએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના શાળાઓમાં નર્સરી–વિકાસના વિચારની પ્રસંશા કરી**

વૃક્ષોનું આપણા બાળકોની જેમ જતન કરો અને વૃક્ષારોપણની સાથે વૃક્ષોના ઉછેરની પણ એટલી જ ચિંતા કરો તેમ અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ આજે ૭૨માં વનમહોત્સવની જિલ્લા કક્ષાની બેઠકમાં જણાવ્યું હતું. જિલ્લા કલેક્ટરશ્રીએ બેઠકમાં ઉપસ્થિત જિલ્લાના વિવિધ અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો કે આપણે વનમહોત્સવને જનમહોત્સવ બનાવવો જોઈએ અને તેમાં લોકભાગીદારીનું પ્રમાણ વધારવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, જો આપણે ભાવિ પેઢી માટે સારુ વાતાવરણ અને ટકાઉ વિકાસ નિશ્ચિત કરવા હશે તો પર્યાવરણની જાળવણી અને ખાસ કરીને વૃક્ષારોપણ પર વધુ ધ્યાન આપવું પડશે. જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેએ વિવિધ વિભાગો દ્વારા વનમહોત્સવ સંદર્ભે તૈયારીની સમીક્ષા કરી હતી અને જરુરી માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટરશ્રીએ ખેડૂતો શેઢા પાળા પર વધુ વૃક્ષોનું વાવેતર કરે અને તે દ્વારા આજીવિકાના નવા અવસર ઉભા કરે તે દિશામાં કામગીરી કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને તાકીદ કરી હતી. આ ઉપરાંત શાળા,કોલેજ, ઉદ્યોગ ગૃહો, પોલીસ મથક, જેલ વગેરે સ્થળોએ પણ વૃક્ષારોપણ કરવા માટે વિવિધ વિભાગોને સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તરફથી શાળાઓમાં નર્સરી વિકાસ માટેનો વિચાર રજૂ કરાયો હતો, જેની પ્રસંશા કરી જિલ્લા કલેક્ટરશ્રીએ આ દિશામાં વન વિભાગ સાથે સંકલન કરી આગળની કાર્યવાહી કરવા માટે સૂચના આપી હતી. જિલ્લા કલેકટરશ્રીએ આ બેઠકમાં પર્યાવરણની જાળવણી માટે વધુ સંકલિત અભિગમ પર ભાર મૂકતા માર્ગ-મકાન અને સિંચાઈ વિભાગ સાથેનું સંકલન સુદ્રઢ બનાવવા માટે જણાવ્યું હતું. "ટીમ અમદાવાદ"એ અંગત રસ-રુચિ લઈ વૃક્ષોનો સર્વાઈવલ રેટ વધારવા પર ભાર મૂકતા જિલ્લા કલેકટરશ્રીએ કહ્યું કે, આપણે પ્રકૃતિ સાથે અનુસંધાન સાધી ટકાઉ વિકાસની દિશામાં કામ કરવું પડશે. આ પ્રસંગે અમદાવાદ જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી તરફથી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું , જેમાં ગ્રામ્ય સ્તરે આયોજીત કરવામાં આવતા વનમહોત્સવ, વૃક્ષ રથ અને તુલસી રથના આયોજન અંગેની વિગતો આપવામાં આવી હતી.

# સાઉદી બહારના કોઇ પણને હજયાત્રામાં પ્રવેશ અપાશે નહિ: સાઉદી સરકાર



રિયાધ,

સાઉદી સરકારે ગુરુવારે આગામી હજ યાત્રા માટેની ઓપરેશનલ યોજના જાહેર કરી હતી. સાઉદી સરકારના મંત્રી મજીદ અલ-કાસાબીએ આ પ્રસંગે કહ્યું હતું કે દેશના નેતાઓ અને મક્કા અને મદીનાના લોકો યાત્રિકોનું સ્વાગત કરવા તૈયાર છે.

તેમણે કહ્યું કે સરકારે હજ યાત્રા સંબંધિત તમામ ક્ષેત્રના લોકોને હજ યાત્રા માટે તૈયાર રહેવા કહ્યું છે. આ સાથે હજ યાત્રા માટે સુરક્ષા વ્યવસ્થા અને આરોગ્ય સેવાઓ પણ તૈયાર કરવામાં આવી રહી છે.

આ વર્ષે બીજી વખત એવું થશે કે કોરોના મહામારીનો ડર છતાં હજ-યાત્રા આયોજિત કરવામાં આવશે. જો કે, સ્થાનિક વહીવટ કોરોનાના નવા વેરિએન્ટને લઈને ખૂબ જ ચિંતિત છે.

એવું કહેવામાં આવ્યું છે કે આ વખતે ફકત ૬૦ હજાર લોકોને હજ યાત્રા માટે જ મંજૂરી આપવામાં આવશે અને દેશની બહારથી કોઈને પણ હજ યાત્રા માટે આવવા દેવામાં આવશે નહીં. બંને પવિત્ર મસ્જિદોની દેખરેખ રાખતી સમિતિએ કહ્યું છે કે લોકોને બોટલમાં ઝમઝમ (પવિત્ર જળ) આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. મોટી મસ્જિદમાં લોકોને અહીંથી ત્યાં લઈ જવા માટે ૮૦૦ નાના ઈલેકિટ્રક વાહનો લગાવવામાં આવશે, જેથી વૃદ્ધોને યાત્રાધામ કરવામાં કોઈ મુશ્કેલી ન પડે.

સમિતિએ મસ્જિદના પરિસરને સેનેટાઈઝ કરવા માટે ૫૦૦૦ કાર્યકરોની નિમણૂંક કરી છે, જેઓ દિવસમાં ૧૦ વખત મસ્જિદ, બહારનું આંગણા અને પરિસરના અન્ય વિસ્તારોની સફાઇ કરશે. સમિતિએ અન્ય સુવિધાઓ અંગે વિસ્તૃત ઓપરેશનલ યોજના રજૂ કરી છે.

# કર્મચારીઓને અદ્યતન અને ગુણવત્તાસભર મકાનો ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે : કર્મચારીઓ શાંતિપુર્ણ પારિવારિક જીવન જીવી શકે તેવો ધ્યેય છે - નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ









**અમદાવાદના વસ્ત્રાપુર ખાતે રૂ.૧૫૨ કરોડના ખર્ચે નિર્મિત 'ડી-૧,સી, અને બી કેટેગરીના ૫૨૦ બહુમાળી આવાસોનું નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ.**



નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું છે કે, કર્મચારીઓ પોતાના જે-તે કાર્ય સ્થળે રહે અને તેમને રહેવા માટેની સારી સગવડ મળે તો તેમની કાર્યક્ષમતામાં વધારો થતો હોય છે અને તેમનુ કાર્ય સારી રીતે કરી શકે છે. કર્મચારીઓને અધ્યતન અને ગુણવત્તાસભર મકાનો ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે પરિણામલક્ષી કામગીરી હાથ ધરી છે અને આ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા વસ્ત્રાપુર, બોડકદેવ, મેમનગર અને ગુલબાઈ ટેકરા અમદાવાદ ખાતે રૂ. ૧૫૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ડી-૧, સી અને બી - કક્ષાના ૫૨૦ બહુમાળી આવાસોનું નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદબોધનમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ૩૦ વર્ષ થી પણ વધુ સમય પહેલા બનેલ મકાનોમાં આધુનિક સગવડ ન હોવાને કારણે તથા મકાનો જૂના થવાથી નાના—મોટા રિનોવેશન જરૂરી બનતા હોય છે. આ ઉપરાંત નવા બનનાર મકાનો બહુમાળી હોવાને કારણે વધુ કર્મચારીઓનો સમાવેશ કરી શકાય છે. પાછલા કેટલાક વર્ષોથી સમગ્ર ગુજરાતમાં કર્મચારીઓની ભરતી મોટા પ્રમાણમાં થતા આવાસોની જરૂરીયાત ઉભી થઈ છે તેવામાં સરકાર દ્વારા તમામ જિલ્લા અને તાલુકાઓમા રૂ.૧૯૬૩ કરોડના ખર્ચે અત્યાધુનિક આવાસોનું નિર્માણ સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી રહ્યું છે.એટલું જ નહી પરંતું પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના અંતર્ગત પણ સબસીડી આપીને ગરીબ પરિવારોને ઘરનું ઘર ઉપલબ્ધ કરાયું છે. આવાસ મેળવનારા પરિવારોને આવાસની ચાવી અર્પણ કરતા નાયબ મુખ્યમંત્રીએ એમ પણ ઉમેર્યું હતુ કે, જે જમીન પર ૫૨ વધારે ક્વાટર્સની કેપેસીટી હતી ત્યાં કેટલાક ફેરફાર કરી ઉંચા ટાવર બનાવી નવા કવાટર્સ ઉભા કરવામાં આવ્યા છે. આવાસ મેળવનારા પરિવારોને સુખ અને સમૃધ્ધિ પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા પણ તેમણે પાઠવી હતી. મુખ્ય ઈજનેર શ્રી પી.એમ.ચૌધરી એ જણાવ્યું હતું કે, આ સંકુલમાં જુના રહેણાંકના સ્થળે નવા અને સુવિધાપુર્ણ મકાનો બનાવીને કર્મચારીઓના જીવન ધોરણને ઉચુ લાવવાનો પ્રયાસ કરાયો છે. આ અગાઉ આ જ સરકારી વસાહતમાં ડી, સી અને બી ટાઈપના ૧૨ ટાવરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. અને તેમા આજે ૫૦૦ કરતા વધારે કર્મયોગી પરિવારો નિવાસ કરે છે. આજે અર્પણ કરાયેલા આવાસો માં મોડ્યુલર કીચન, અદ્યતન ટાઈલ્સ, ફાયર સેફ્ટી તેમજ અન્ય સુવિધાઓ છે એમ તેમણે ઉમેર્યું હતું. અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, પૂર્વ મેયરશ્રી અમિતભાઈ શાહ, ધારાસભ્યો સર્વ શ્રી કિશોરસિંહ ચૌહાણ, ભુપેન્દ્રભાઈ પટેલ, માર્ગ અને મકાન વિભાગના સચિવ શ્રી એસ.બી.વસાવા, અધિકારીઓ, પદાધિકારીઓ, પરિવારના સભ્યો તથા સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૫ વર્ષની ઉંમર સુધી દર મહિને ૨૫૦૦ રૂપિયા આપશે દિલ્હી સરકાર

ન્યુ દિલ્હી

દિલ્હીમાં કોરોનાવાયરસ મહામારીને કારણે અનાથ થયેલા બાળકો માટે કેજરીવાલ સરકાર ખાસ યોજના શરૂ કરવા જઈ રહી છે.

ગુરુવારે દિલ્હી સરકારમાં મંત્રી રાજેંદ્ર પાલ ગૌતમે આ સંબંધમાં મહત્વની જાણકારી આપી. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય રાજધાનીમાં કોવિડ ૧૯ના કારણે ૬૭ બાળકો અનાથ થયાં છે. કોરોનાના કારણે ૬૫૧ બાળકોના મા અને ૧૩૧૧ બાળકોના પિતાનું નિધન થયું છે. તેમણે કહ્યું કે આવા બાળકોને આર્થિક સહાયતા આપવા માટે સરકાર એક યોજના શરૂ કરશે. દિલ્હી છોડી ચૂકેલા લોકો પણ અરજી કરી શકે છે.

રાજેન્દ્ર ગૌતમે આગળ કહ્યું કે માતા અથવા પિતામાંથી કોઈ એકને ગુમાવનાર બાળકને પચાસ હજારની આર્થિક સહાય આપવામાં આવશે. અનાથ થયેલા બાળકોને એક લાખ રૂપિયા અને દર મહિને ૨૫૦૦ રૂપિયાનું વળતર આપવામાં આવશે. જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટે કાલે બુધવારે જ આ મામલે મહત્વની સુનાવણી કરી હતી.

કોર્ટે કહ્યું કે રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીને રાહતના ન્યૂનતમ માપદંડ પ્રદાન કરવા માટે વૈધાનિક રૂપે બાધ્ય કરવામાં આવી છે, જેમાં એવા લોકોના પરિવાર માટે અનુગ્રહ રાશિ સામેલ હોવી જોઈએ જેમણે કોવિડને કારણે પોતાનો જીવ ગુમાવી દીધો છે.

Printer/Publisher/Owner & Editor :NIKITA R. SAXENA •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28, GANDHINAGAR, GUJARAT- 382028
•Published at - 45, KONARK SOCIETY, NEAR SUNDARAM COMPLEX, JAWAHAR CHOWK, SABARMATI AHMEDABAD-380019.